**જેતપુર સીટી પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુના રજિસ્ટર નં.૦૧૮૭/૨૦૨૬ બી.એન.એસ.ની કલમ–૩૦૩(૨), ૫૪ મુજબના ગુનાના કામે અરજદાર/આરોપી (૧)હિમાલીત પરશુરામભાઈ લીંબાણી ઉ.વ.૧૯ રહે.ભેસાણ ડ્રીમલેન્ડ સ્કુલની સામે, તા.ભેંસાણ જી.જુનાગઢ (૨)સાગર મનસુખભાઈ સાગઠીયા ઉ.વ.૧૯ રહે.હાલ વિઠ્ઠલાપુર ગામ પોપટ ચોકડીથી આગળ તા.માંડલ જી.અમદાવાદ મુળ રહે.આંકોલવાડી ગામ તા.તાલાળા જી.ગીર સોમનાથ (૩)અંકિત દિનેશભાઈ સોલંકી ઉ.વ.૨૧ રહે.હાલ રાજકોટ કોઠારીયા સોલવંટ સ્વાતી પાર્ક ગેઈટ પાસે જી.રાજકોટની જામીન અરજી લગત હુકમ.**

---

(૧) આરોપીઓની હાલની જામીન અરજી રજૂ કરેલ છે. હાલની જામીન અરજી, એફ.આઈ.આર. તથા પોલીસે રજૂ કરેલ કાગળો વંચાણે લીધા. ફરિયાદપક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રી તથા આરોપીઓના વિ.વ.શ્રીને સાંભળ્યા. સદરહુ કામે વિદ્વાન એ.પી.પી.શ્રીએ આરોપીને જામીન મુક્ત કરવા સામે વાંધો લીધેલ છે.

(૨) આ કામે આરોપીઓ વિરુદ્ધ આક્ષેપિત ગુનો તથા સજાની જોગવાઇ ધ્યાને લેતાં, આરોપી વિરુદ્ધ બી.એન.એસ.ની કલમ–૩૦૩(૨), ૫૪ મુજબનો ગુનો નોંધાયેલ છે. આરોપી તરફે મુખ્ય રજૂઆત છે કે, હાલના અરજદાર/આરોપીઓની આક્ષેપિત ગુનામાં કોઇ ભુમિકા નથી તથા આક્ષેપિત ગુનામાં સજાની જોગવાઇ જોવામાં આવે તો મહત્તમ

પાંચ વર્ષની જોગવાઈ છે. આરોપી મજૂર વર્ગના માણસ છે. આરોપી વિરુદ્ધ ગુનાહિત ભુતકાળ રજૂ થયેલ નથી. આરોપી નાસી ભાગી જાય તેવા નથી અને આરોપી નામદાર કોર્ટ ફરમાવે તે શરતોને આધીન જામીન આપવા રાજી હોય જેથી આરોપીઓની સામાજીક અને આર્થિક પરિસ્થિતને ધ્યાને લઈ જામીન મંજૂર કરવા નમ્ર અરજ છે.

(૩) બન્ને પક્ષે રજૂઆત ધ્યાને લીધી. આ કામે આરોપીઓ સામે આક્ષેપિત બી.એન.એસ.ની કલમ–૩૦૩(૨), ૫૪ મુજબના ગુનાનો આક્ષેપ છે. જેમાં સજાની જોગવાઈ ધ્યાને લેતાં પાંચ વર્ષ સુધીની મહત્તમ સજા અને દંડની જોગવાઈ પાત્ર ગુનો છે. વધુમાં બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૦ પ્રબંધો જોવામાં આવે તો પેટા કલમ–૦૧ મુજબ અદાલત ઉપર કેટલી મર્યાદાઓ મુકેલ છે. જે મુજબ કોઈ બિનજામીનલાયક ગુનામાં અદાલત ૧. ગુનો મોતની કે આજીવન કેદની સજાપાત્ર હોય, ૨. આરોપી અગાઉ મોતની કે આજીવન કેદની કે સાત વર્ષ કરતાં ઓછી નહિ તેવી સજાપાત્ર ગુનો કે ત્રણ વર્ષ કરતાં વધુ પરંતુ સાત વર્ષથી ઓછી સજાપાત્ર ગુનામાં બે વખત કે વધુ પ્રસંગે દોષિત ઠરાવેલ હોય, ૩. અન્ય કોઈ વિશિષ્ટ કારણ હોય તો અદાલત જામીન મુક્ત કરી શકે નહિ. સદરહુ કામે એફ.આઈ.આર.ની હકીકત તથા ગુનાની સજાની જોગવાઈ ધ્યાને લેતાં, તેમજ આરોપી સ્થાનિક હકુમતનો હોય નામદાર સર્વોચ્ચ અદાલતના ``Bail is Rule and jail is an exception``ના સિદ્ધાંતોને ધ્યાને લેતાં, અત્રેની કોર્ટને રહેલ વિવેકાધીન સત્તાઓને આધીન આરોપીની જામીન અરજી પર નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**//હુકમ//**

આ કામના આરોપીઓની જામીન અરજી મંજૂર કરવામાં આવે છે. આ કામના દરેક આરોપીએ રૂ.૧૫,૦૦૦/- ના જામીન તથા તેટલી રકમની જાત મુચરકો રજૂ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન મુકત કરવામાં આવે છે.

**શરતોઃ-**

(૧) અરજદાર/આરોપીઓએ ટ્રાયલ દરમ્યાન અત્રેની અદાલતમાં નિયમિત રીતે સમયસર અચુકપણે હાજર રહેવાનું રહેશે.

(૨) આ કામના આરોપીઓએ ફરિયાદપક્ષના કેસના સાહેદો કે ફરિયાદીને ધાક-ધમકી, લોભ-લાલચ કે પ્રલોભન આપવુ નહિ.

(૩) આ કામના આરોપીઓએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ફરિ આવા ગુનામાં સંડોવવાવુ નહિ.

(૪) આ અરજીના અરજદાર/આરોપીઓએ તથા જામીનદારને પોતાનુ કાયમી તથા હાલનુ રહેઠાણનુ સરનામુ તથા મોબાઇલ નંબર પુરસીસથી જાહેર કરવા તથા તે સાથે તેઓના વેલીડ આધારકાર્ડની ફોટોકોપી રજૂ કરવી.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૧૨, માહેઃમાર્ચ, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ- જેતપુર.
તારીખઃ- ૧૨/૦૩/૨૦૨૬.

(ડી.એમ.પરમાર)
જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
જેતપુર.
કોડ નં.જી.જે.૦૧૫૬૩.